RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 243, Dt.31-12-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# બાય બાય.. 2024ઃ વેલકમ..2025

## આજે મધરાત્રે આખી દુનિયા જશ્નમાં ડુબશેઃ ભારત, અમેરિકા, બ્રિટન,ફ્રાંસથી માંડીને વિશ્વભરમાં જબરો ઉત્સાહઃ વિખ્યાત સ્થળોએ રોશનીના શણગારઃ ડાન્સ-ડીનર પાર્ટીઓ સાથે ભવ્ય આતશબાજી થશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

આજે ૨૦૨૪ના વર્ષનો અંતિમ દિવસ છે સારા નરસા અનુભવો, ખાટી-મીઠી યાદો, અવિસ્મરણીય સંભારણાઓ ઉપરાંત અનેક સારા-નરસા બોધપાઠ સાથે આજે રાત્રે ૧૨ વાગ્યે ૨૦૨૪નું વર્ષ વિદાય લેશે અને નવા વર્ષ ૨૦૨૫નો પ્રારંભ થશે. નવી આશાઓ - ઉમ્મીદો-સપનાઓ સાથે નવા વર્ષનો પ્રારંભ થશે. એવામાં આજે થર્ટી ફર્સ્ટની ઉજવણીનો ઉન્માદ દેશભરમાં છવાયો છે. બાય બાય ૨૦૨૪ અને વેલકમ ૨૦૨૫ની ઉજવણી કરવા દેશના નાના-મોટા શહેરોમાં થનગનાટ જોવા મળી રહયો છે. પાર્ટી રસિયાઓ ગેલમાં છે. આજે રાત્રે ૧૨ના ટકોરે આતશબાજી સાથે નવા વર્ષને વધાવવા હોટલો, પાર્ટી પ્લોટ, રિસોર્ટ, ફાર્મ હાઉસ, ડિસ્કો થેકમાં વિવિધ પ્રકારના સેલિબ્રેશનના આયોજનો થયા છે. ડીજે વીથ ડાન્સ-ડીનરના કાર્યક્રમોમાં ભાગ લેવા યુવા વર્ગ થનગની રહયો છે. તો બીજી તરફ આ ઉજવણીના રંગમાં ભંગ ન પડે તે માટે પોલીસતંત્ર પણ સર્તક બન્યું છે. દેશભરમાં કેક કાપીને પણ નવા વર્ષને વધાવવાની તૈયારીઓ થઈ છે તો બીજી તરફ હીલસ્ટેશનો, પ્રવાસન સ્થળોએ પણ નવા વર્ષની ઉજવણીનો માહોલ જોવા મળી રહયો છે.

લોકો ચિંતા - મોંઘવારી - દુઃખ વગેરે ભુલીને નવા વર્ષને વધાવવાની ઉજવણી કરવા સજ્જ બન્યા છે દેશના મહાનગર જેમ કે મુંબઈ, કલકત્તા, બેંગ્લોર, દિલ્હી, હૈદ્રાબાદ, અમદાવાદ સહિતના શહેરોમાં રાતભર ચહલપહલ જોવા મળવાની છે. સૌ કોઈ પોતપોતાના ગજા પ્રમાણે આ ઉજવણી કરવા તૈયાર કરી રહયા છે. હવે સોસયાટીઓ પણ ઉજવણી કરવાનો નવો ટ્રેન્ડ દર્શાવી રહી છે.દરમ્યાન ૨૦૨૪ને નબાય બાયથ એટલે કે નઅલવિદાથ કરવા અને ન્યૂયરને નઆવકારવાથ આજે અમદાવાદમાં નપાર્ટી ઓલ નાઈટથ માટે જોરદાર જમાવટ થઈ ગઈ છે. શહેરની હોટેલો, ક્લબ, પાર્ટી પ્લોટમાં ડીજે નાઈટ, થીમ બેઝ્ડ નાઈટ, કપલ ડીનર વીથ ડાન્સથી લઈને ખાનગી ફાર્મ હાઉસ અને બંગલાઓમાં ખાનગીઓ પાર્ટીઓના આયોજનો નઓલ સેટથ થઈ ગયા છે. ન્યૂયરની ધમાકેદાર ઉજવણી કરવા માટે શોખિનો ૩૧મીની એક નાઈટના કલાકો માટે ૨૫,૦૦૦થી લઈને રૂ. ૫૦,૦૦૦ સુધી હોંશેહોંશે ખર્ચ કરશે. ક્લબ, હોટેલો અને પાર્ટી પ્લોટ્સમાં ૯૯૯થી લઈને રૂ. ૨.૫ લાખ સુધીના પાસ રાખવામાં આવ્યા છે. દિલ્હી અને મુંબઈના ખાસ ડીજેએ શહેરમાં ધામા નાંખ્યા છે. બીજી તરફ રશિયન અને દુબઈની બેલે ડાન્સરોએ પણ આકર્ષણ જણાવ્યું છે. અનેક જગ્યાએ આજે ફોરેસ્ટ, નિઓન, બોલીવુડ જેવી થીમ બેઝ્ડ પાર્ટીઓમાં ડાન્સ, ફૂડ, ફન અને ફાયર શો સાથે ન્યૂયરની યાદગાર ઉજવણી કરવામાં આવશે.

૩૧મી ડિસેમ્બરનો માહોલ અને ઉજવણી અમદાવાદમાં પણ વિશિષ્ટ રીતે ઉજવવામાં આવે છે. ડીજે પાર્ટીઓનો ક્રેઝ દિવસેને દિવસે વધ્યો છે અને




વિવિધ ફન અને ફૂડ ફેસ્ટ પણ શહેરમાં ન્યૂયરના સેલિબ્રેશન માટે આજે તૈયાર થઈ ગયા છે. શહેરમાં નાના-મોટા પાર્ટી પ્લોટ્સ, હોટેલ્સથી માંડીને ક્લબ અને ફાર્મ હાઉસમાં આજે સાંજે સાત વાગ્યાથી લોકો ન્યૂયર ઉજવવા પહોંચી જશે. જેના માટે રૂ.૨૫૦થી ૫૦૦ સુધીના દરેકને પોસાય એવા પાસ સાથે ૨.૫ લાખ રૂપિયા(૨૦ સભ્યો માટે) સહિતના હાઈ એન્ડ પાસ પણ વેચાઈ રહ્યા છે. ઓન લાઈન બુકિંગમાં ભારે ક્રેઝ જોવા મળી રહ્યો છે. આ પાસમાં અનેક સ્થળે ડીજે વીથ ડાન્સના આયોજન છે. જ્યાં પહોંચીને યુવાનો થનગનાટ સાથે નવા વર્ષને આવકારી શકશે. જ્યારે અનેક જગ્યાએ ફૂડ, ફન, ફાયર અને ડાન્સના આયોજનો છે. જેમાં રૂ. ૧૫૦૦થી લઈને રૂ. ૨.૫ લાખ સુધીના પાસ રાખવામાં આવ્યા છે. જેમાં અર્લી બર્ડ, વીઆઈપી, સિલ્વર, ગોલ્ડ, પ્લેટિનમ જેવા પાસ લોકો ઓનલાઈન અને ઓફલાઈન પ્લેટફોર્મ ઉપરથી ખરીદી રહયા છે.

આ ઉપરાંત જે શહેરીજનો આવા ખાનગી આયોજનોમાં જઈને ખર્ચા કરવા ન માગતા હોય તેઓ આજે એસ.જી. હાઈવે, સીંધુભવન, સીજી રોડ, આશ્રમ રોડ, એસ.પી. રિંગ રોડ જેવા જાહેર સ્થળોએ ૧૨ના ટકોરે પહોંચીને આતશબાજીના આનંદ સાથે ન્યૂયરની ઉજવણી કરશે.

યુવા હૈયાઓ માટે ન્યૂયરની ઉજવણીનો અનોખો ક્રેઝ હોય છે. સ્ટાઈલીશ ડ્રેસિંગમાં સજીધજીનો કપલ્સ કેન્ડલ લાઈટ ડીનર વીથ ડાન્સનો લ્હાવો ૩૧મી ડિસેમ્બરે લેતાં હોય છે.

જેમને આવકારવા માટે શહેરની થ્રી સ્ટારથી લઈને ફાઈવ સ્ટાર હોટેલો સજ્જ થઈ ગઈ છે. અહીં કપલ એન્ટ્રી માટે રૂ. ૨૦૦૦થી લઈને રૂ. ૫૦૦૦ ચૂકવવા પડે છે. જેમા ડીજે, ડાન્સ, વેલકમ ડ્રિંક્સ અને સેવન કોર્સ મિલ સામેલ હોય છે. આવા કપલ્સમાં બોય્ઝ માટે સૂટ અને ટક્સીડો તો ગર્લ્સ માટે ગાઉન, શિમર ડ્રેસ, સ્પાર્કલિંગ ડ્રેસ કોડ રાખવામાં આવ્યા છે.

## નવા વર્ષના પ્રારંભમાં નવી ૯ મહાપાલિકાનું જાહેરનામું પ્રસિદ્ધ થશે

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

ગત ૧લી, ફેબ્રુઆરી-૨૦૨૪ના રોજ ગુજરાત વિધાનસભાના બજેટ સત્રની શરૂઆત થઈ હતી અને તેના બીજા દિવસે બીજી ફેબ્રુઆરી-૨૦૨૪ના રોજ નાણામંત્રી કનુભાઈ દેસાઈએ ગુજરાત સરકારના વર્ષ ૨૦૨૪-૨૫ માટે રૂ. ૩.૩૨ લાખ કરોડના વાર્ષિક બજેટની રજૂઆત કરી હતી. તે વેળાએ તેમણે રાજ્યમાં હાલ અસ્તિત્ત્વ ધરાવતી ૮ મહાનગરપાલિકા ઉપરાંત વધુ ૭ મહાનગરપાલિકા બનાવવાની જાહેરાત કરી હતી. આ સત્ર દરમિયાન જ તેમણે બીજી વધારાની બે એમ કુલ નવી ૯ મહાનગરપાલિકા(મ્યુનિસિપલ કોર્પોરેશન) બનાવવાનો નિર્ણય જાહેર કર્યો હતો. જયારે આ નિર્ણય અમલમાં મૂકાશે ત્યારે ગુજરાતમાં ૮+ ૯ = ૧૭ મહાનગરપાલિકા અસ્તિત્ત્વમાં આવી જશે. હવે આગામી મધ્ય ફેબ્રુઆરીથી માર્ચના અંત સુધીમાં વર્ષ ૨૦૨૫-૨૬ માટે ગુજરાત સરકારનું નવું બજેટ રજૂ થવાનું છે પણ ગુજરાત સરકારે જે નવી ૯ મહાનગરપાલિકા બનાવવી જાહેરાત કરી હતી, તે અંગે કોઈ અમલ થયો નથી. અર્થાત તેની કોઈ સત્તાવાર જાહેરાત થઈ નથી. જોકે, પ્રાપ્ત જાણકારી મુજબ, રાજ્યના શહેરી વિકાસ વિભાગ દ્વારા આ દિશામાં આખરી ઓપ અપાઈ ચૂકયો છે અને આગામી ગણતરીના દિવસોમાં આ સૂચિત નવી ૯ મહાનગરપાલિકાની રચના માટેનું સત્તાવાર જાહેરનામું પ્રસિદ્ધ કરાશે. જે નવી મહાનગરપાલિકા અસ્તિત્ત્વમાં આવશે, તેમાં (૧) મહેસાણા (૨) મોરબી (૩) નવસારી (૪) ગાંધીધામ (૫) આણંદ (૬) સુરેન્દ્રનગર-વઢવાણ, (૮) પોરબંદર-છાયા અને (૯) નડિયાદ નગરપાલિકાને મહાનગરપાલિકામાં ફેરવવાનો નિર્ણય લેવાયો હતો.

દેશના અન્ય રાજયોની સરખામણીમાં શહેરીકરણ ખૂબ જ ઝડપથી વધી રહ્યું છે. હાલને તબક્કે ગુજરાતમાં લગભગ ૪૯ ટકા વસતિ નાના-મોટા શહેરો કે નગરોમાં વસે છે. એટલે નિયમાનુસાર ૩ લાખથી વધુ વસતિ ધરાવતી નગરપાલિકાની આસપાસની કેટલીક ગ્રામ પંચાયતોને



એકત્રિત કરીને રાજ્યના શહેરી વિકાસ વિભાગે આ નવી મહાનગરપાલિકાની રચના માટેનો તખ્તો તૈયાર કર્યો છે.

હાલને તબક્કે રાજ્યની જુનાગઢ મહાનગરપાલિકા, ૭૬ નગરપાલિકા, ખેડા-બનાસકાંઠ એમ ૨ જિલ્લા પંચાયત, ૧૭ તાલુકા પંચાયત, ૪૭૬૫ ગ્રામ પંચાયત અને ૭૬ નગરપાલિકા જેવી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સામાન્ય ચૂંટણી તથા શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં ખાલી પડેલી ૮૪ બેઠકો માટે પેટા-ચૂંટણી યોજવાની બાકી છે. જે સંભવતઃ મે માસની શરૂઆતમાં યોજાય તેવી શકયતા વચ્ચે ગુજરાત સરકારના નિર્ણય

## એચ-વન-બી વિઝાને લઈ ભારતીયોને કોઈ અણગમતી પરીસ્થિતિનો સામનો કરવો પડે નહી તે માટે કેન્દ્ર સરકાર એલર્ટ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

અમેરિકામાં ટ્રમ્પ શાસનના આગમન પુર્વે જ સ્કીલ મુજબ અપાતા એચ-વન-બી વિસા મુદે મળી રહેલા વિરોધાભાસી સંકેતો અને ટ્રમ્પ-મસ્કની જોડીના આક્રમક વિધાનો બાદ આ દેશમાં એચ-વન-બી વિસા પર કામ કરતા કાનૂની રીતે કામ કરતા ભારતીયોને કોઈ અણગમતી પરીસ્થિતિનો સામનો કરવો પડે નહી તે માટે કેન્દ્ર સરકાર એલર્ટ થઈ છે.

આ ક્ષેત્રના નિષ્ણાંતો-એચવનબી વિસા પર અમેરિકામાં ભારતીયોને મોકલતી કંપનીઓ તથા સરકારના આઈટી અને વિદેશ મંત્રાલય સંયુક્ત રીતે અમેરિકાની સ્થિતિ પર નજર રાખી રહી છે. ટોચના સરકારી સૂત્રોના જણાવ્યા મુજબ જેઓ કાનૂની રીતે આ વિસા પર વિદેશમાં કામ કરે છે તેને એવી કોઈ અણગમતી સમસ્યાનો સામનો કરવો પડે નહી તેની ચિંતા સરકાર કરે છે.

આઈટી મંત્રાલયને પણ તેમાં સાથે લેવામાં આવી છે તથા મોટી સોફટવેર કંપનીઓ જે આ વિસાનો લાભ મેળવે છે તથા નાસ્કોમ સહિતના આ ક્ષેત્રની સંસ્થાઓ સાથે રહીને પરીસ્થિતિ સમજવા અને કાનુની માળખુ પણ સમજી રહી છે તથા ખરેખર અમેરિકામાં શું પરીસ્થિતિ છે તેના પર નજર રાખવા માંગે છે.

અમેરિકામાં ટ્રમ્પ શાસનના




આગમન બાદ વિસા પોલીસીમાં ફેરફાર આવી શકે છે અને ટ્રમ્પની નજીક મનાતા એલન મસ્ક તો એચ-વન-બી વિસા મુદે જે રીતે વિધાનો કરી રહ્યા છે અને ખુદ રીપબ્લીકન પક્ષમાં તેનો વિરોધ થઈ રહ્યો છે તે પણ સરકાર જોઈ રહી છે.

આ ઉપરાંત વૈશ્વિક કંપનીઓ ભારતમાં ગ્લોબલ કેપેસીટી સેન્ટર સ્થાપી રહી છે જેનો અર્થ સ્કીલ વર્કરની ભારતમાં પણ જરૂર પડશે.

## દુનિયામાં સૌ પ્રથમવાર અમેરિકામાં બે રોબોટે સફળ સર્જરી કરી વિક્રમ સર્જ્યો

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

અમેરિકાની યુનિવર્સિટી ઓફ ટેકસાસના ડોકટરોએ એક સાથે બે રોબોટથી પ્રોસ્ટેટ ગ્લેન્ડનું ઓપરેશન કરીને નવો વિક્રમ સર્જયો હતો. યુરોલોજીસ્ટ અને મુખ્ય સર્જન પ્રો. જેફરી કે ડયુનો દાવો છે કે પ્રોસ્ટેટથી પીડિત દર્દીના ઓપરેશનમાં દુનિયામાં પહેલીવાર બે રોબોટનો ઉપયોગ કરાયો હતો.



આ ડયુઅલ (બન્ને) રોબોટિક સર્જરી પછી દર્દી પુરી રીતે સ્વસ્થ છે. પ્રો. જેફરી કેડયુ અનુસાર આ ઓપરેશનમાં લેવિતા માર્ચ સર્જિકલ અને દા વિંસી એસપી સિંગલ પોર્ટ રોબોટનો ઉપયોગ કરવામાં આવ્યો હતો.

લેવિતા રોબોટે સર્જરી પહેલા પેશાબ નળી અને નસોના અનેક ગુચ્છાઓને સાઈડમાં રાખ્યા, ત્યારબાદ દા વિંસી રોબોટે સર્જરીની પ્રક્રિયા પુરી કરી. રોગીના શરીરથી ડોકટરો દ્વારા કરવામાં આવેલ ઓપરેશનની તુલનામાં ઓછો રકતસ્રાવ થયો હતો.

સર્જને બન્ને રોબોટને ઓપરેશન માટે સર્જરીના વિડીયોથી પ્રશિક્ષિત કર્યા હતા. ૬ મહિના ચાલેલી તાલીમ બાદ રોબોટથી ડમી દર્દીનું અનેકવાર ઓપરેશન કરાયું હતું.

સર્જને જયારે જોયું કે, સર્જરીથી ચોકકસતા ૧૦૦ ટકા આવી ગઈ છે તો દર્દીને ઓપરેશન દરમિયાન થતી પરેશાનીઓ પણ ઘટી ગઈ ત્યારબાદ ઓટીમાં દર્દી પર સફળ ઓપરેશન કરાયુ.

## બેન્કનું નાનુ ધિરાણ પણ જોખમમાં : ૬૬% બાકીદાર ત્રણ ત્રણ લોન ધરાવે છે

### બેન્કો - નાણાંકીય સંસ્થાઓ ઉંચા વ્યાજ - મોટી પ્રોસેસીંગ ફીથી કમાય છે પણ અંતે એનપીએ વધે છે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં ઝડપથી વિકસીત અર્થતંત્ર અને ૧૪૫ કરોડથી વધુ લોકોની માંગથી જે રીતે બેન્કીંગ તથા તેને સમાંતર ચેનલો મારફત લોકોને અપાઈ રહેલા આડેધડ-અનસિકયોર્ડ ધિરાણ સામે રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ વધુ એક વખત ચેતવણી ઉચ્ચારતા કહ્યું કે તેનાથી બાકીદારોમાં જોખમ સતત વધી રહ્યું છે.

રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાએ ખાસ કરીને કન્ઝયુમર ક્રેડીટ જે ઉંચા વ્યાજની લોન છે તેના વધી રહેલા પ્રમાણ પર ચિંતા દર્શાવી છે. રિઝર્વ બેન્કના નાણાકીય સ્થિરતા પરના રિપોર્ટમાં જણાવાયુ છે કે રૂા.૫૦૦૦૦ કે તેથી ઓછી લોન લેનાર બેન્ક લોનીમાં ૧૧% લોન લેનાર સમય પર રીપેમેન્ટ કરી શકયા નથી.

તેમનું ધિરાણ ઓવરડયુ થઈ ગયુ છે. ૨૦૨૪-૨૫ના વર્ષમાં ઉંચા વ્યાજ છતા બેન્કો અને નાણાકીય સંસ્થાઓના અનસિકયોર્ડ કે કોઈ મોર્ટગેજ વગરનું ધિરાણ વધ્યુ છે અને ૬૦% બાકીદારોએ ત્રણ કે તેથી વધુ બેન્કો-નાણાકીય સંસ્થાઓ પાસેથી ધિરાણ લીધુ છે.

ખાસ કરીને રિઝર્વ બેન્કના રિપોર્ટમાં ૬૬% લોકોએ ક્રેડીટકાર્ડ, પર્સનલ લોન અને વાહન લોન લીધી છે અને જો કોઈ એક લોનમાં તે ડિફોલ્ટ થાય તો અન્ય લોનમાં પણ ડિફોલ્ટ થવાનુ જોખમ વધી જાય છે અને આ જોખમ સૌથી મોટુ હોવાની ચેતવણી રીઝર્વ બેન્ક દ્વારા આપવામાં આવી છે. સપ્ટેમ્બર-કવાર્ટરમાં પર્સનલ લોન લેનારમાં ૧૫% લોકો અન્ય ત્રણ અન્ય લોન અગાઉથી જ ધરાવતા હતા.

જેના કારણે બેન્કોના ધિરાણમાં ૫૧.૯% જેવું ધિરાણ કરે છે. જામીનગીરી વગરનુ નઅનસિકયોર્ડથ થાય છે. ખાસ કરીને માઈક્રો ફાયનાન્સ સેકટરમાં એપ્રિલથી સપ્ટેમ્બર માસના સમયમાં ૩૧થી ૧૮૦ દિવસ સુધી જે લોન ડયુ હોય તેનું પ્રમાણ અગાઉના કવાટર કરતા ડબલ એટલે કે ૨.૧૫% માંથી ૪.૩૦ થયુ છે.




બેન્કો તથા તમામ નાણાકીય સંસ્થાઓ મારફત છેલ્લા ત્રણ વર્ષમાં આ પ્રકારના માઈક્રો ફાયનાન્સમાં ૨૪.૪% જેવો વધારો થયો છે અને તેમાં ઉંચા વ્યાજદરનો સિનારીયો જળવાઈ રહ્યો છે.

હાલમાં જ સુપ્રીમ કોર્ટ ક્રેડીટકાર્ડ ડયુ પર જે વ્યાજ મર્યાદા હતી તે દુર કરતા હવે બાકીદારોને ૨૪થી૫૦% જેવું ઉંચુ વ્યાજ ચુકવવુ પડશે જે ડિફોલ્ટર વધારશે. બેન્કો ઉંચા વ્યાજ સાથે સૌથી અત્યંત ઉંચા પ્રોસેસીંગ ચાર્જ વસુલી તેની આવક વધારે છે પણ તેને તો એનપીએ જ વધે છે.

## CM ભુપેન્દ્ર પટેલની સ્વચ્છ છબી


**મુખ્ય સમાચાર, અમદાવાદ**

સમગ્ર ગુજરાત ગૌરવ લઈ શકે તેવા સમાચાર છે. દેશના ૩૩ રાજયોના મુખ્યમંત્રીઓની સંપતિ તથા તેમની સામેના ક્રિમીનલ કેસો અંગે જે એક વિસ્તૃત માહિતી બહાર આવી છે તેમાં જેલમાં જઈ આવેલા ચંદ્રાબાબુ નાયડુ સહિતના અત્યંત ધનવાનનો પણ સમાવેશ થાય છે.

પણ ગુજરાતનું નેતૃત્વ કરી રહેલા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ એક તરફ સંપતિની દ્રષ્ટિએ અન્ય મુખ્યમંત્રીઓ સામે નગરીબથ દેખાય તેવા ૩૧માંથી છેક ૧૫માં ક્રમે છે તો ક્રિમીનલ કોઈ રેકોર્ડઝ ન હોય તેવા ૧૮ મુખ્યમંત્રીઓમાં તેમાં સ્થાન ધરાવે છે. એસોસીએશન ઓફ ડેમોક્રેટીક રિફોર્મના આ રિપોર્ટ મુજબ દેશના મુખ્યમંત્રીઓની સરેરાશ સંપતિ રૂા.૫૨.૫ કરોડ છે. પરંતુ લાંબો સમયથી રાજકારણમાં રહેલા અને અનેક મહત્વના હોદાઓ પર રહી ચુકયા હોવા છતા તેમની સંપતિ તમામ મુખ્યમંત્રીઓની સરેરાશ કરતા અનેકગણી ઓછી છે.

દેશના તમામ મુખ્યમંત્રીમાંથી વ્યકિતગત આવક સરેરાશ રૂા.૧૩.૬ લાખ છે. આંધ્રપ્રદેશમાં જેલમાં જઈ આવેલા પણ હવે એનડીએ સરકારને ટેકો આપીને સલામત બની ગયેલા મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુ અને અરુણાચલમાં મુખ્યમંત્રીપદે એકચક્રી શાસન સંભાળનાર પેમા ખોડુની સંપતિ રૂા.૩૦૦ કરોડથી વધુ છે. ચંદ્રાબાબુની સંપતિ રૂા.૯૭૧ કરોડ છે જયારે ખોડુની સંપતિ ૩૩૨ કરોડની છે.

સૌથી ગરીબ મુખ્યમંત્રી મમતા બેનરજી છે. જેની કુલ



સંપતિ રૂા.૧૫ લાખની છે. ત્યારબાદ ઓમાર અબ્દુલ્લાની સંપતિ રૂા.૫૫ લાખની છે અને કેરળના મુખ્યમંત્રી વી.વિજયનની સંપતિ રૂા.૧.૧૮ કરોડની છે જેની સામે આપણા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની સંપતિ રૂા.૮.૮૨ કરોડની છે અને રૂા.૧.૫૦ કરોડનું નદેવુથ છે અને તેઓએ પોતાની આવક રૂા.૧૬.૭ લાખની દર્શાવી છે.ખુદને સામાજીક કાર્યકર્તા તરીકે ગણાવ્યા છે. ૬૦ વર્ષથી ઉપરના શ્રી પટેલ એવા ૧૨ મુખ્યમંત્રીઓમાં આવે છે જે ૫૧થી૬૦ વર્ષના છે. દિલ્હીના મુખ્યમંત્રી આતિષી સૌથી યુવા સીએમ છે જે ૩૮ વર્ષના જ છે અને કેરળના મુખ્યમંત્રી વી.વિજયન સૌથી વૃદ્ધ ૭૭ વર્ષના છે.

ભુપેન્દ્ર પટેલ એક જ એવા મુખ્યમંત્રી છે જે ડિપ્લોમા હોલ્ડર છે અને બે મુખ્યમંત્રીઓ ડોકટરેટની ડિગ્રી ધરાવે છે. નવ પોષ્ટ ગ્રેજયુએટ, પાંચ ગ્રેજયુએટ સાથે પ્રોફેશનલ ડિગ્રી ધરાવે છે અને ૧૦ એ ગ્રેજયુએટ છે. સૌથી દેવાદાર મુખ્યમંત્રીમાં અરુણાચલના ખોડુ પર રૂા.૧૮૦ કરોડનુ દેવુ છે તો કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધરમૈયા પર રૂા.૨૩ કરોડનું દેવુ છે. ૨૩ મુખ્યમંત્રીઓ સામે કોઈને કોઈ ક્રિમીનલ રેકોર્ડ છે. ૧૦ સામે હત્યાના પ્રયાસ, અપહરણ, લાંચ લેવા અને અપરાધીક ધમકીના કેસ પણ છે.

## આયુર્વેદિક ડોકટરોને એલોપથીની પ્રેકિટસની છુટ અપાશે તો દર્દીનું સ્વાસ્થ્ય જોખમાશે : આઈએમએ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

આયુર્વેદમાં અભ્યાસ કરીને બનેલા તબીબો જરૂરિયાત અનુસાર એલોપેથીની પ્રેક્ટિસ કરી શકે તેના માટે થયેલી રજૂઆતાન સંદર્ભમાં આરોગ્ય વિભાગ દ્વારા આ મુદ્દે વિચારણ કરવા બેઠકનું આયોજન કરાયું છે. ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના મતે આયુર્વેદના ડોક્ટરોને એલોપેથીની પ્રેક્ટિસ કરવાની છૂટ આપવી યોગ્ય નથી અને તેનાથી ગુજરાતના દર્દીઓનું સ્વાસ્થ્ય જોખમાઈ શકે છે.

તાજેતરમાં અમદાવાદના એક અરજદાર દ્વારા આરોગ્ય વિભાગ સમક્ષ એવી અરજી કરવામાં આવી હતી. જેમાં આયુર્વેદમાં અભ્યાસ કરી બનેલા તબીબોને જરૂરિયાત અનુસાર એલોપેથીની પ્રેક્ટિસ કરી શકે તે માટે વિચારણા થવી જોઈએ. જેના સંદર્ભમાં આરોગ્ય-પરિવાર કલ્યાણ વિભાગના અગ્ર સચિવ દ્વારા આગામી ત્રીજી જાન્યુઆરીના એક બેઠકનું આયોજન કરાયું છે. આ બેઠકમાં અરજદારને પણ ઉપસ્થિત રહેવાની સૂચના આપવામાં આવી છે.

જો કે, આ રીતે આયુર્વેદના ડોક્ટરોને એલોપેથીની પ્રેક્ટિસ કરવાની છૂટ સામે ઈન્ડિયન મેડિકલ એસોસિએશન ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. આરોગ્ય સચિવને સંબોધીને લખેલા પત્રમાં ઈન્ડિયન મેડિકલ એસોસિએશને જણાવ્યું હતું કે, પનોન- એલોપેથીના ડોક્ટરોને એલોપેથીની પ્રેક્ટિસ કરવાની છૂટ આપવી જોઈએ જ નહીં.



આ છૂટ અપાશે તો ગુજરાતના લોકોના સ્વાસ્થ્ય-સલામતી ઉપર અસર પડી શકે છે. એવા અનેક કિસ્સા સામે આવ્યા છે જેમાં એલોપેથીની પૂરતી તાલીમ વિના તેની દવા આપનારા ડોક્ટરોથી જે જોખમ સર્જાયું છે અને ઘણાં કિસ્સામાં દર્દીઓના જીવન પર પણ સંકટ ઊભું થયું છે.થ

ઈન્ડિયન મેડિકલ એસોસિએશનના જણાવ્યાનુસાર, પઆ પ્રકારની ગેરમાન્ય પ્રેક્ટિસ તાકીદે અટકાવવામાં નહીં આવે તો તેનાથી સ્વાસ્થ્યક્ષેત્ર ભારે સંકટ હેઠળ મૂકાઈ જશે. એલોપેથીની ક્વોલિફિકેશન નહીં ધરાવનારાને એલોપેથીની પ્રેક્ટિસ નહીં કરવા દેવા સામે હાઈ કોર્ટ અને સુપ્રીમ કોર્ટે પણ અનેક ચૂકાદા આપેલા છે.

# ધ્રોલ પાસે ખાનગી બસે ઈકો કારને હડફેટે લેતા ૧૨ વર્ષની બાળકીનું મોત

## રાજકોટ મનપાના કર્મચારી પરિવાર સાથે દર્શને જતા હતા ત્યારે ધ્રોલના મોડપર ગામ પાસે નડ્યો અકસ્માતઃ ત્રણ ઈજાગ્રસ્તોને હોસ્પિટલે ખસેડાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

રાજકોટના લક્ષ્મીવાડી વિસ્તારમાં રહેતા અને મહાનગરપાલિકામાં ફરજ બજાવતા કર્મચારી તેમના પરિવાર સાથે ઈકો કાર લઈ ખોડાપીપર ગામ પાસે આવેલા માતાજીના મઢે દર્શન કરવા માટે નીકળ્યા હતા. ત્યારે ધ્રોલના મોડપર પાટીયા પાસે પહોંચતા પુરપાટ ઝડપે આવી રહેલી ખાનગી લક્ઝરી બસના ચાલકે ઈકો કારને હડફેટે લેતા અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં પરિવારની ભાર વર્ષની પુત્રીનું મોત નીપજ્યું હતું.

જ્યારે અન્ય ત્રણ સભ્યોને ઈજા પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલે ખસેડવામાં આવ્યા છે. જાણવી મળતી વિગતો મુજબ, રાજકોટમાં લક્ષ્મીવાડી વિસ્તારમાં રહેતા અને મહાનગરપાલિકામાં નોકરી કરતા નીરવભાઈ નવનીતભાઈ દવેના પરિવારના સાત સભ્યો ગઈ કાલે રવિવારની રજાના દિવસે સવારે રાજકોટથી નીકળીને ખોડાપીપર ગામ નજીક આવેલા માતાજીના દર્શને નીકળ્યા હતા. તેઓ રાજકોટમાંથી જીજે - ૩ એલ. આર. ૭૩૧૦ નંબરની ઈકો કારમાં બેસીને નીકળ્યા હતા. જે કારમાં નીરવભાઈના પત્ની તેમજ તેઓની બે પુત્રીઓ હેતવી (ઉંમર વર્ષ ૧૨) અને રાશિ (ઉ.વ. પોણા ચાર વર્ષ) ઉપરાંત પત્નીના ભાઈ ભાભી અને સાસુ સસરા કે જેઓ ખોડાપીપર ગામ પાસે આવેલા માતાજીના દર્શનાર્થે નીકળ્યા હતા. જેઓની ઈકો કાર જામનગર રાજકોટ ધોરી માર્ગ પર ધ્રોલ નજીક મોડપર ગામના પાટીયા પાસે પહોંચતાં પાછળથી આવી રહેલી જી. જે. ૧૪ એ.ટી. ૦૬૫૦ નંભરની ખાનગી લક્ઝરી બસના ચાળાકે એક સાઈડથી ઈકો કારને ઠોકર મારી દેતાં ગોઝારો અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં ઈકો કારનું એક સાઈડનું પડખું ચિરાઈ ગયું હતું, અને તે સાઈડમાં બેઠેલી હેતવી નીરવાભાઈ દવે નામની ૧૨ વર્ષની બાળકીનું ગંભીર ઈજા થવાના કારણે મૃત્યુ નીપજયું હતું, જયારે ઈકો કારમાં બેઠેલી બાળકીની માતા સહિત અન્ય ત્રણ વ્યક્તિઓને નાની મોટી ઈજા થઈ હતી, જે તમામને ૧૦૮ નંબરની એમ્બ્યુલન્સ મારફતે સૌપ્રથમ પડધરીની હોસ્પિટલ અને ત્યારબાદ વધુ સારવાર માટે રાજકોટની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. જ્યાં ત્રણેયની સારવાર ચાલી રહી છે. આ અકસ્માતના બનાવ અંગે મૃતક હેતવીના પિતા નિષભાઈ નવનીતભાઈ દવેએ ખાનગી લક્ઝરી ભસ નંબર જીજે ૧૪ એ.ટી.૦૬૫૦ના ચાલક સામે ફરિયાદ નોંધાવતાં પ્રોલના પોલીસ હેડ કોન્સ્ટેબલ સી. જે. જાડેજા બનાવના સ્થળે તેમજ હોસ્પિટલે દોડી ગયા હતા, અને ભાળકીના મૃતદેહનો કબજો સંભાળી પોસ્ટ મોર્ટમ કરાવ્યું છે, જ્યારે અન્ય ઈજાગ્રસ્તોના નિવેદન નોંધ્યા ભાદ લકઝરી બસના ચાલક સામે ગુનો નોંધ્યો છે. અને તે ભાગી છૂટયો હોવાથી તેની શોધખોળ ચલાવાઈ રહી છે.

# મોરબીમાં એ.આર.ટી. સેન્ટર ખાતે શિયાળુ પોષણ સમર્થન કાર્યક્રમ અંતર્ગત ૧૦૦ રાશન કિટનું વિતરણ

**મુખ્ય સમાચાર,મોરબી**



મોરબીના જી.એમ.ઈ.આર.એસ. સિવિલ હોસ્પિટલ ખાતે એ.આર.ટી. સેન્ટર દ્વારા શિયાળાના પોષણ સમર્થન પ્રોગ્રામ અંતર્ગત ૧૦૦ રાશન કિટનું વિતરણ કરવામાં આવ્યું. દાતાશ્રીઓના સહકાર અને તબીબી અધિકારીઓના માર્ગદર્શન હેઠળ પોષણ સમર્થન કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. મોરબીમાં જી.એમ.ઈ.આર.એસ. સિવિલ હોસ્પિટલના એ.આર.ટી. સેન્ટર ખાતે શિયાળાના પોષણ સમર્થન માટે ખાસ પ્રોગ્રામનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ હેઠળ પી.એલ.એચ. સગર્ભા બહેનો અને બાળકોને પોષણ સહાયરૂપે અડદિયા, ખજુર, ફરસાણ અને સિઝનલ ફળો સહિત ૧૦૦ રાશન કિટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ મોરબી જીલ્લાના સી.ડી.એમ.ઓ. ડો. પી.કે. દુધરેજીયા, ડો. તેજસ ચોકસી (અધિક તબીબી અધિક્ષક), ટી.બી. એચ.આઈ.વી. ઓફિસર ડો. ઘનસુખ અજાણા, અને એ.આર.ટી. મેડિકલ ઓફિસર ડો. દિશા પાડલીયાના માર્ગદર્શન હેઠળ આ આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં ફીલ્ડ કોઓર્ડિનેટર રાજેશ કે. લાલવાણી, એસ.ટી.આઈ. કાઉન્સેલર પિંટુભાઈ રાણીપા, ટી.આઈ. અનમોલ પ્રોજેક્ટના વિજયભાઈ અને જયદીપભાઈ નિમાવત સહિતના અધિકારીઓ હાજર રહ્યા. સ્થાનિક દાતાશ્રીઓના સહયોગથી ૧૦૦ કિટનું વિતરણ કરવામાં આવ્યું. આ પ્રોગ્રામ શિયાળામાં પોષણની જરૂરિયાતોને પહોંચી વળવા માટે યોજવામાં આવ્યો હતો. દાતાશ્રીઓના વધારાના સહકારથી આગામી ફેબ્રુઆરીમાં વધુ ૨૦૦ લોકોને પોષણ કિટ પહોંચાડવાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે દાતાશ્રીઓએ આ પ્રયાસમાં સહભાગી થવા માટે ફીલ્ડ કોઓર્ડિનેટર રાજેશ કે. લાલવાણી (મો. ૭૫૬૭૫૧૭૪૬૨)નો સંપર્ક કરી શકે છે.

# મોરબીની આયુષ હોસ્પિટલમાં ૭૯ વર્ષીય વૃદ્ધાની બંને કિડનીનું સફળ ઓપરેશન કરાયું

**મુખ્ય સમાચાર,મોરબી**



મોરબી શહેરની આયુષ હોસ્પિટલમાં સુપર સ્પેશિયાલિટી યુરો સર્જરી વિભાગમાં આરોગ્ય ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ નવી ઉપલબ્ધિ નોંધાઈ છે, જેમાં લેપ્રોસ્કોપિક(દૂરબીન) પદ્ધતિ દ્વારા ૭૯ વર્ષના દર્દીનું ડાબી કિડનીમાં પથરી તથા જમણી કિડની કાઢવાનું સફળતા પૂર્વક ઓપરેશન કરવામાં આવ્યું હતું.

મોરબીની આયુષ હોસ્પિટલ ખાતે યુરો સર્જન ડૉ. કેયુર પટેલ દ્વારા ૭૯ વર્ષીય વૃદ્ધાનું બંને કિડનીના બે મુશ્કેલ ઓપરેશન સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવ્યા છે. જેમાં વાંકાનેર તાલુકાનાં મીઠીબેન રૂપાભાઇ સરવૈયા ઉમ્ર ૭૯ વર્ષ , જેમને ગંભીર ચેપ (ઈન્ફેકશન) લાગતા સારવાર માટે તેઓ આયુષ હોસ્પિટલ ખાતે ડો કેયૂર પટેલ યુરો સર્જનને બતાવવા માટે આવેલ હતા ત્યારે રેડિયોલોજિકલ રિપોર્ટ કરતાં જાણવા મળ્યું કે તેઓને ડાબી કિડનીમાં ૫ સેન્ટિમીટરની પથરી છે. ત્યાર બાદ આગળ વધુ રિપોર્ટ કરાવતા તેમની જમણી કિડની પણ ખરાબ થઈ ગઈ જે કામ કરતી બંધ થઈ ગઈ છે. આ સાથે દર્દીને અગાઉ બીપી ની તકલીફ હતી.

ત્યારે સમગ્ર ઓપરેશનની વિગતોમાં જણાવ્યા અનુસાર, સૌ પ્રથમ દર્દીને આઈ.સી.યુ માં દાખલ કરીને જે ખુબ જ વધારે ચેપ લાગી ગયેલ હતો તેને સ્ટેન્ટ મૂકી ક્લિયર કરાયું ત્યાર બાદ ડાબી કિડનીમાં જે ૫ સેન્ટિમીટરની પથરી હતી તેનું દૂરબીન (એન્ડોસ્કોપી) દ્વારા ઓપરેશન કરાયું જેને ડ્ઈગક કહેવાય છે. ૫ સેન્ટિમીટર જેવી મોટી પથારીમાં કાપો મૂકીને ઓપરેશન કરવું પડતું હોય છે પરંતુ ડો. કેયૂર પટેલ દ્વારા દૂરબીન વડે એક જ વારમાં પથરી કાઢી લેવાય અને સફળતા પૂર્વક ઓપરેશન પાર પાડયું હતું. જે બાદ ૩ અઠવાડીયા બાદ ફરીવાર દર્દીને દાખલ કરીને દૂરબીન દ્વારા જમણી કિડની જે કામ કરવાનું બંધ કરી દીધેલ હોય તેને કાઢી નાખવાનું ઓપરેશન કરાયું હતું. જે કિડનીને લેપ્રોસ્કોપિક નેફ્રેક્ટોમિ કેહવાય છે. જમણી બાજુની કિડની કામ કરતી બંધ થઈ ગઈ હતી તેનું કારણ એ હતું કે છેલ્લાં બે વર્ષથી ૨.૫ સેન્ટિમીટરની પથરી કિડનીની નળીમાં ફસાયેલ હતી અને દર્દીએ સમયસર સારવાર ન લેતાં કિડનીમાં ગંભીર ચેપ લાગી ગયો હતો. અત્યારે બંને ઓપરેશન બાદ દર્દી એકદમ સ્વસ્થ છે અને હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે તેમ યાદીમાં જણાવ્યું છે.

# મોરબી ખાતે સંસ્કૃત ભારતી સૌરાષ્ટ્ર પ્રાંતનું બે દિવસીય સંમેલન સંપન્ન

**મુખ્ય સમાચાર,મોરબી**



મોરબીના કંડલા બાયપાસ સ્થિત ઓમ શાંતિ સંકુલમાં ૨૮ અને ૨૯ ડિસેમ્બર દરમિયાન સંસ્કૃત ભારતી સૌરાષ્ટ્ર પ્રાંતનું બે દિવસીય ભવ્ય સંમેલન યોજાયું હતું. આ સંમેલનમાં સૌરાષ્ટ્રના ૧૬ જીલ્લામાંથી ૫૦૦ થી વધુ કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા. સંમેલનમાં સંસ્કૃતના વૈભવ અને વારસાને પ્રતિબિંબિત કરતી અદભુત પ્રદર્શનીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શનમાં સંસ્કૃત ગ્રંથો, ચિત્રો, વિજ્ઞાન સાથે જોડાયેલ માહિતી, યજ્ઞ પાત્રો અને ડિજિટલ સ્ટોર નક્ષત્રવેદે સંસ્કૃતસ્રસ્ર જેવી નવપ્રવર્તનાત્મક ઝાંખીઓ રજૂ થઈ હતી. સભાસણ સંદેશ ગૃહે ગૃહે સુભાષિતમ અને સંસ્કૃત ગૌરવ પરીક્ષા જેવી પ્રવૃત્તિઓનું ખાસ આકર્ષણ રહ્યું હતું.

આ ઉપરાંત તા.૨૮ ડિસેમ્બરના રોજ રાત્રે ૯ થી ૧૧ દરમિયાન સંપૂર્ણ સંસ્કૃત ભાષામાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાયો હતો. આમાં ગીત, ગરબા, નૃત્યનાટિકા, કથ્થક અને સંવાદનું અદ્વિતીય રજૂઆત કરવામાં આવી હતી, બે દિવસીય સંમેલન દરમિયાન સતત યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સંમેલનમાં પધારેલ દરેક અતિથિ વિશેષ મહાનુભાવોએ યજ્ઞમાં આહુતિ આપી હતી. આ સંમેલનમાં સંસ્કૃત ભાષાના પ્રચાર માટે પાંચ મુખ્ય સત્રોનું આયોજન કરવામાં આવ્યું, જ્યાં અધિકારીઓએ સંસ્કૃતના પ્રસાર અને સંરક્ષણ માટે માર્ગદર્શન પૂરું પાડ્યું હતું.

સંસ્કૃતના આ સંમેલન માટે પોતાની જગ્યા ફાળવીને તેમજ આર્થિક સહયોગ કરીને ટી ડી પટેલે સંરક્ષકની ભૂમિકા ભજવી હતી. આ પ્રસંગે સંસ્કૃત ભારતી અખિલ ભારતીય મહામંત્રી સત્યનારાયણ ભટ્ટ, અધ્યક્ષ પશ્ચિમ ક્ષેત્ર, સંસ્કૃત ભારતી ચંદ્રશેખર વજે, કુલપતિ સોમનાથ સંસ્કૃત વિશ્વવિદ્યાલય પ્રો. સુકાંતકુમાર સેનાપતિ, પ્રો. ચેતન ત્રિવેદી કુલપતિ ભક્ત કવિ નરસિંહ મહેતા વિશ્વવિદ્યાલય, વિઠ્ઠલભાઈ વાગડીયા(ટ્રસ્ટી સંસ્કૃત ભારતી ,સૌરાષ્ટ્ર પ્રાંત), ધનેશ્રીબેન ભટ્ટ(કેનેડા) તેમજ સૌરાષ્ટ્ર પ્રાંતના મંત્રી, સહમંત્રી વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

આ સંમેલનમાં પ્રેરક ઉપસ્થિતિમાં દામજી ભગત(નકલંકધામ બગથળા), પુરુષોત્તમ ભાઈ રૂપાલા (સાંસદ રાજકોટ), કે.બી.ઝવેરી (જિલ્લા કલેક્ટર મોરબી), જે.જે. રાવલ(ખગોળ શાસ્ત્રી અને ભૂતપૂર્વ ઈસરો વૈજ્ઞાનિક), કાંતિલાલ અમૃતિયા (ધારાસભ્ય મોરબી માળિયા), કૃમનભાઈ ખૂંટ(રાષ્ટ્રીય સ્વયમ સેવક સંઘ) જેવા મહાનુભાવોએ પોતાની હાજરી નોંધાવી હતી. વધુમાં ટી. ડી.પટેલ(ઓમ શાંતિ સંકુલ), કાંતિલાલ અમૃતિયા (ધારાસભ્ય), અરવિંદભાઈ સોરીયા (ગોપી યુનિફોર્મ), પ્રવીણભાઈ રાજાણી(સાર્થક વિદ્યામંદિર), પી. ડી. કાંજીયા(નવયુગ વિદ્યાલય) સહિતના તમામ દાતાઓએ સંસ્કૃત ભારતી સંમેલનમાં આર્થિક સહયોગ આપ્યો હતો. સંસ્કૃત ભાષાને જનભાષા બનાવવા, તેના રક્ષણ અને પ્રચાર માટે સજાગતા લાવવા તેમજ નવા કાર્યકર્તાઓને તૈયાર કરવા આ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું તેમ યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબી પત્રકાર એસોસિએશનના પ્રમુખ પદે સુરેશભાઈ ગોસ્વામીની બિનહરીફ વરણી



મોરબી પત્રકાર એસોસિએશનના વર્ષ ૨૦૨૫ માટે સુરેશભાઈ ગોસ્વામી સતત બીજા વર્ષે બિનહરીફ પ્રમુખ તરીકે ચૂંટાયા છે. નવા હોદેદારોની વરણી સર્કિટ હાઉસ ખાતે બેઠકમાં કરવામાં આવી, જેમાં ઉપપ્રમુખ, મહામંત્રી, સહમંત્રી અને અન્ય હોદેદારોની પણ નિમણૂક કરવામાં આવી હતી. મોરબી પત્રકાર એસોસિએશન માટે ૨૦૨૫ના વર્ષના નવા હોદેદારોની વરણી સર્કિટ હાઉસ ખાતે યોજાયેલી બેઠકમાં કરવામાં આવી હતી. વર્ષ ૨૦૨૪ના પ્રમુખ સુરેશભાઈ ગોસ્વામી ફરીથી બિનહરીફ રીતે પ્રમુખપદે ચૂંટાયા હતા. આ બેઠકમાં ગત વર્ષના હિસાબ–કિતાબ તેમજ યોજાયેલ કાર્યક્રમોની વિગતો રજૂ કરવામાં આવી હતી. નવા હોદેદારોની વરણીમાં સર્વાનુમતે ઉપપ્રમુખ તરીકે રવિભાઈ ભડાણીયા, મહામંત્રી તરીકે પંકજભાઈ સનારીયા, સહમંત્રી તરીકે દેવભાઈ સનારીયા, ખજાનચી તરીકે સંદીપભાઈ વ્યાસ, અને કારોબારી સભ્ય તરીકે અતુલભાઈ જોષી, રૂષિભાઈ મહેતા, ડેનિષભાઈ દવે, અને ભાસ્કરભાઈ જોષીની નિમણૂક કરવામાં આવી.

# મોરબીમાં ઓમ શાંતિ સ્કૂલના જૂના મિત્રોની યાદગાર પુનર્મિલન સભા કાર્યક્રમનું આયોજન કરાયું

## સતત પાંચ વર્ષોથી ચાલતો આ રી-યુનિયન કાર્યક્રમ જુના મિત્રો માટે જીવનમાં નવી ઊર્જા અને મીઠી યાદોને તાજી કરતો બન્યો



મોરબી ઓમ શાંતિ સ્કૂલના જૂના મિત્રો માટે પુનર્મિલન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ૮૦થી વધુ મિત્રો એકઠા થયા હતા. આ કાર્યક્રમમાં તમામ મિત્રોએ એકબીજાને મળી સ્કૂલ સમયની રમતો, ગરબા અને બાદ સૌ મિત્રોએ સાથે ભોજન પણ કર્યું હતું. મોરબી ઓમ શાંતિ સ્કૂલના જૂના વિદ્યાર્થીઓ માટે આ વર્ષે ફરીથી પુનર્મિલન કાર્યક્રમ યોજાયો હતો, જે છેલ્લા પાંચ વર્ષથી નિયમિત રીતે યોજાતો આવ્યો છે. આ વર્ષે ૮૦થી વધુ મિત્રો એકત્ર થયા અને શાળાના દિવસોની યાદોને ફરીથી જીવંત કરી હતી. કાર્યક્રમની શરૂઆત સ્કૂલ કક્ષા સમયના રમકડાં અને રમતોને યાદ કરીને થઈ હતી. બાળપણના દિવસોની યાદમાં તાજગી લાવતી આ સભામાં મૈત્રીભાવ અને જૂના સમયની મીઠાસ ફરી અનુભવાય હતી. શાળાની યાદગાર રમતો અને ગરબા રમવાની સાથે સૌ મિત્રોએ પોતાના બાળપણની મજા માણી હતી. આ પ્રસંગે તમામ મિત્રોએ પોતાના જીવનના નવા અનુભવો, સફળતાઓ અને પરિવારો વિશે વાત કરી, શાળાના શિક્ષકો અને સંચાલકોને પણ યાદ કર્યા હતા.

# માળીયા(મી) ત્રણ રસ્તા નજીકથી તમંચા સાથે એક પકડાયો



માળીયા(મી) પોલીસ ટીમ દ્વારા ત્રણ રસ્તા પાસેથી એક ઈસમને હાથ બનાવટના તમંચા સાથે પકડી લઈ આરોપી વિરુદ્ધ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. માળીયા(મી) પોલીસ મથક પીઆઇ આર.સી.ગોહિલના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ પંકજભાઈ નાગલા તથા પો.કોન્સ મોસીનભાઇ સીદીને સંયુકતમાં ખાનગીરાહે બાતમી હકીક્ત મળેલ કે, માળીયા(મી)ના ત્રણ રસ્તા પાસે એક ઈસમ અકબરભાઈ નોતીયાર પાસે ગેરકાયદેસર હથિયાર છે અને હાલે ત્રણ રસ્તા પાસે આંટા ફેરા મારે છે, જેથી તાત્કાલિક બાતમી મુજબની જગ્યાએ રેઈડ કરતા આરોપી અકબરભાઈ ઈશાકભાઈ નોતીયાર ઉવ.૪૨ રહે.મોરબી વીશીપરા કુલીનગરવાળા પાસેથી એક હાથ બનાવટની તમંચો હથીયાર નંગ–૧ કિ.રૂ.૫,૦૦૦/– મળી આવતા તેની સ્થળ ઉલરથી અટકાયત કરી તેની વિરુદ્ધ હથિયાધારા હેઠળ ગુન્હો રજી. કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગર શિક્ષણ-તાલીમ ભવનમાં ઉચાપત મામલે પોલીસ ફરિયાદના આદેશ

જામનગર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં નાણાંકીય ઉચાપત મામલે ગાંધીનગરથી પોલીસ ફરિયાદનો આદેશ કરવામાં આવતા ચકચાર જાગી છે. અગાઉ આ મામલે ફરિયાદોના પગલે બે કર્મચારીની સજારૂપ બદલી કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં નાણાંકીય ગેરરીતિ ખૂલી છે.જો કે, ઓડીટ બાદ ચોકકસ આંકડો બહાર આવશે તેમ તપાસનીશ અધિકારીએ જણાવ્યું હતું. જામનગરનું દરેડ જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન વધુ એક ચર્ચામાં આવ્યું છે. કારણ કે, અગાઉ તાલીમ ભવનમાં ફરજ બજાવતા બે કર્મચારીએ સરકારી ગ્રાન્ટના નાણાંની ઉચાપત કરી હોવાની ફરિયાદો ઉઠી હતી. ત્યારબાદ જીસીઇઆરટી ગાંધીનગરના અધિકારીની સૂચનાઓ મુજબ, આ ભવનમાંથી બે લેક્ચરરની સજારૂપ બદલ કરવામાં આવી હતી. જેમાં એક લેકચરરને છેક છોટાઉદેપુર અને બીજા લેક્ચરરને આણંદ મૂકી દેવામાં આવ્યા હતાં.આ ૨ કર્મચારીઓ વિરુદ્ધની તપાસ મહદઅંશે પૂર્ણ થઈ છે. આ અંગે ગાંધીનગર સ્થિત ઉચ્ચ અધિકારી એસ. જે. ડુમરાળીયાએ જણાવ્યું હતું કે, પ્રાથમિક તપાસમાં નાણાંકીય ઉચાપત કરી હોવાનું ખૂલ્યું છે. આથી આ મામલે પોલીસ ફરિયાદનો ઓર્ડર કરવામાં આવ્યો છે. આટલું જ નહીં કેટલા નાણાંની ઉચાપત થઇ છે તેની તપાસ કરવા ઓડિટ વિભાગને સૂચનાઓ આપવામાં આવી છે. ત્યારે એક–બે દિવસમાં કસૂરવારો સામે પોલીસ ફરિયાદ નોંધાવામાં આવશે.અત્રે નોંધનીય છેક, થોડા સમય પહેલા જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનના કેમ્પસના એક રૂમમાં રાખવામાં આવેલા સરકારી પુસ્તકો બીઆરસી કોડીનેટરની બેદરકારીથી પલળી જતાં શિક્ષણ અને તાલિમ ભવન ચર્ચાનો મુદ્દો બન્યું હતું. ત્યારે જિલ્લા શિક્ષણ અને તાલિમ ભવનમાં ફરજ બજાવતા બે કર્મચારી કે જેમની સામે નાણાંકીય ઉચાપતની ફરિયાદો થયા બાદ અને આ મામલે તેઓની સજા રૂપ અન્ય જિલ્લામાં બદલી કરાયા બાદ આ પ્રકરણમાં પોલીસ ફરિયાદના આદેશ થતા ચકચાર જાગી છે. તપાસમાં નાણાકીય ગેરરીતિ ખૂલીઃ ઓડીટ બાદ ચોકકસ આંકડો બહાર આવશે.

# થર્ટી ફસ્ટને લઈને જામનગર પોલીસ એક્શન મોડમાં

**મુખ્ય સમાચાર,જામનગર**



જામનગર થર્ટી ફસ્ટને લઇને જામનગર પોલીસ એક્શન મોડમાં છે. બેફામ બનેલા નબીરાઓ ડામવા માટે શહેરમાં નાઈટ પેટ્રોલિંગ સાથે ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત થર્ટી ફસ્ટને લઈને જામનગરમાં ખાસ શી ટીમની પણ રચના કરવામાં આવી છે. તેમજ બ્રેથ એનેલાઈસર મશીન દ્વારા વાહન ચાલકોને પોલીસ દ્વારા ચેકિંગ કરવામાં પણ આવ્યા હતા.

આ ડ્રાઈવમાં ખાસ શહેરના ડીવાયએસપી જયવીરસિંહ ઝાલા, સીટી બી પોલીસ સ્ટેશનના પીઆઈ પી.પી તેમજ પીએસઆઇ એમવી. મોઢવાડિયા સહિતનો પોલીસ સ્ટાફ દ્વારા શહેરના મુખ્ય માર્ગો પર ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું.જામનગર શહેરમાં જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુ ની સુચનાથી શહેરમાં ડીવાયએસપી જયવીર સિંહ ઝાલા તેમજ અલગ અલગ પોલીસ સ્ટેશનના પીઆઇ તેમજ સ્ટાફ દ્વારા શહેરમાં વાહન ચેકિંગ ફૂટ પેટ્રોલિંગ તેમજ અનેક ગાડીઓના વાહનોના કાગળો ચેક કરવામાં આવ્યા હતા. ત્યારબાદ શહેરના મુખ્ય માર્ગો ઉપર ફૂટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતું જેમાં ત્રણ બતીગેટ વિસ્તાર પંચેશ્વર ટાવર ટાઉનહોલ જીજી હોસ્પિટલ મેઈન રોડ થી કેવી સર્કલ સહિતના શહેરના તમામ વિસ્તારોમાં પોલીસ દ્વારા કડક ચેકિંગ કાર્યવાહી ફુટ પેટ્રોલિંગ સહિતની કામગીરી કરી હતી.શહેરની બોર્ડર પૂરી થતી હોય ત્યાં ખીજડીયા બાયપાસ, ઠેબા ચોકડી, લાલપુર બાયપાસ, ખંભાળિયા બાયપાસ ઉપર અજક્ર પ્રતિભા અને પંચકોષી બી પોલીસ સ્ટેશનના પીઆઇ વિ.જે.રાઠોડ સહિત મોટી સંખ્યામાં પોલીસ સ્ટાફ દ્વારા ચેકિંગ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી અને અનેક ગાડીઓ રોકી અને કાગળો ચેક કર્યા હતા. ગાડી ચાલકોને પણ બ્રેથ એનેલાઇઝર વડે ચેક કરવામાં આવ્યા હતા.

# સૌરાષ્ટ્રકચ્છ સમસ્ત બ્રહ્મસમાજ દ્વારા મોરબી પરશુરામધામ ખાતે સરસ્વતી સન્માન સમારોહ યોજાયો

**મુખ્ય સમાચાર,મોરબી**



મોરબી પરશુરામધામ ખાતે સૌરાષ્ટ્ર કચ્છ બ્રહસમાજનો સરસ્વતી સન્માન સમારોહ યોજાયો હતો જેમાં ધોરણ ૧ થી ગ્રેજ્યુએશન અને પોસ્ટ ગ્રેજ્યુએશન સુધીના વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા હતા આ ઉપરાંત વિશેષ સન્માનમાં બ્રિજેશભાઈ પંડ્યાને મુખ્યમંત્રી દ્વારા ચંદ્રક મળતા તેમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.તેમજ વિસ્મય ત્રિવેદી અને ડી.જી.મહેતા અમરેલી નું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમ ના ઉદઘાટકશ્રી પરશુરામ ધામના પ્રમુખ ભૂપતભાઈ પંડ્યા પ્રમુખ સ્થાન ડો અનિલભાઈ મહેતા અતિથિ વિશેષ શૈલેષભાઈ ભટ્ટ નાયબ જીલ્લા વિકાસ અધિકારી મોરબી, જલ્પાબેન ત્રિવેદી જીલ્લા મહિલા બાળ અધિકારી મોરબી, છેલભાઈ જોશી, કે સી દવે, ચેતનભાઈ પંચોલી, મોરબી જીલ્લા બ્રહ્મસમાજ પ્રમુખ ભરત ભાઈ ઓઝા તેમજ સૌરાષ્ટ્ર કચ્છ બ્રહ્મસમાજના ૧૨ જીલ્લાના પ્રમુખ ઉપસ્થિત રહ્યા હતા તેમજ ડી.જી.મહેતા મેનેજિંગ ટ્રસ્ટી તેમજ મોરબી માળિયાના ધારાસભ્ય શ્રી કાંતિભાઈ અમૃતિયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા તેમજ મોરબી લેહરું પરિવાર દ્વારા ભગવાન પરશુરામ દાદાને ધ્વજાજી ચડવામાં આવ્યા હતા. કાર્યક્રમ નું સંચાલન દક્ષાબેન મહેતા દ્વારા કરવામાં આવ્યું હતું આ કાર્યક્રમને સફળ બનાવવા માટે અનિલભાઈ મહેતા, ભૂપતભાઈ પંડ્યા, નલિનભાઈ ભટ્ટ, હસુભાઈ પંડ્યા, ચિંતનભાઈ ભટ્ટ, નીરજભાઈ ભટ્ટ, દીપ પંડ્યા તેમજ પરશુરામ ધામના કાર્યકરો જોડાયા હતા

# ઉનામા હિન્દુ મુસ્લિમ એકતા ટુર્નામેન્ટ કપનુ ભવ્ય આયોજન કરવામાં આવ્યું

અહેવાલ :– અબ્દુલ પઠાણ ઉના



ઊનામા હિન્દુ મુસ્લિમ એકતા ટુર્નામિન્ટનો કપનુ બે દિવસનું સફળતાપૂર્વકનું આયોજન પૂર્ણ થયું ત્યારે આયોજનનો મુખ્ય શ્રેય ઉના તાલુકાના લોકલાડીલા ધારાસભ્ય ખક્અ કેસીભાઈ રાઠોડ(કાળુભાઈ) ના માર્ગ દર્શન નીચે જિલ્લા ભાજપ મહામંત્રી રાજુભાઈ ડાભી મુસ્લિમ સમાજના અગ્રણી દાદા બાપુ. અને મુખ્ય સ્પોન્સર પ્રિન્સ વિજયભાઈ જોશી, નટરાજ હોસ્પિટલ, વિજય પબ્લિક સ્કૂલ, વિજય ઈન્સ્ટિટયૂટ ઓફ નર્સિંગ. દીપકભાઈ બાંભણિયા મહાકાળ ગ્રુપ, દીપકભાઈ મોઢેશ્વરી મોટર્સ, અને અબ્બાસ ભાઈ સુમરાણી કરીયાણા. આ વડીલ આગેવાનો ના સાથ અને સહકારથી હિન્દુ મુસ્લિમ એકતા કપ ટુર્નામિન્ટનું ખૂબ જ સફળતાપૂર્વક આયોજન પૂર્ણ થયું છે. અને ખાસ કે આ ટુર્નામિન્ટમાં કુલ આઠ ટીઓએ ભાગ લીધેલો જેમાં અનમોલ૧૧, ગંગેશ્વર૧૧, ડોક્ટર૧૧, વડાલા૧૧, સિધ્ધેશ્વર૧૧, ડોગઝોન૧૧ જય માં સિહોરી૧૧ અને જે કે૧૧.... જેમાં ફાઈનલમાં ગંગેશ્વર૧૧ દીવ અને જે કે૧૧ ઉના આવેલી તેમાં ખૂબ જ રસાકસી બાદ અંતે ગંગેશ્વર૧૧ વિજેતા થઈ. સાથે સાથે ઉના તાલુકાના ધારાસભ્ય કેસીભાઈ રાઠોડ ખેલાડીઓના ઉત્સાહ પૂરો પાડવા માટે પોતાનો કિંમતી એક કલાકનો સમય કાઢી મેચ નિહાળી ખેલાડીઓને ઉત્સાહ પૂરો પાડી ખેલાડીઓને ઈનામ વિતરણ કરી બંને ટીમોને રોકડ પુરસ્કાર આપી ટુર્નામિન્ટનું તેમજ ખેલાડીઓનું પ્રોત્સાહન વધાર્યું હતું. ટુર્નામિન્ટ નું આયોજન વિજયભાઈ કે ડાંગોદરા, અક્રમ બ્લોચ, અશ્વિનભાઈ સોલંકી આ ક્રિકેટ ટુર્નામિન્ટ જોવા મોટી સંખ્યામાં લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# લાઈટ હાઉસ પ્રોજેક્ટમાં થયેલા ભ્રષ્ટાચારથી ફ્લેટ ધારકો ત્રાહિમામ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટના રૈયા વિસ્તારમાં વડાપ્રધાનના ડ્રિમ પ્રોજેકટ ત્યાના રહેવાસીઓ માટે જીવતા નર્કાગાર સમાન બની ગયો છે. અધિકારીઓ અને કોન્ટ્રાકટરોના ભ્રષ્ટાચારના કારણે લાઈટ હાઉસમાં રહેતા લોકો માટે આ યોજનાના આવાસોમાં રહેવુ સજારૂપ બની ગયુ હોવાનો આ યોજનાના પ્રમુખ જયેશભાઈ સોની અને મંત્રી પિયુષભાઈ જોષી સહિતના રહેવાસીઓ દ્વારા આક્ષેપ કરાયો હતો.

વડાપ્રધાન મોદીનો એક માત્ર ધ્યેય છે જે લોકો આ લાઈટ હાઉસ પ્રોજેકટમાં ફ્લેટમાં રહેવા આવે તેને સારી અને આધુનિક કવોલીટીનું બાંધકામ, રોજીંદા જીવનમાં આવતીં તમામ સુવિધાઓ ઘર આંગણે મળી રહે તેવા શુભ આશય સાથે આ પ્રોજેકટનું નિર્માણ કરવામાં આવેલ છે.

પરંતુ રાજકોટમાં પરશુરામ મંદિર પાસે, અટલ સ્માર્ટ સીટી, રૈયા રોડ ખાતે આવેલ લાઈટ હાઉસ પ્રોજેકટમાં બીલ્ડરો દ્વારા ઘણી ખામીઓ અને કરેલા ભ્રષ્ટાચારથી ફફ્લેટ ધારકો ત્રાહીમામ પોકારી ગયેલ છે. નબળી કક્ષાનાં બાંધકામથી વરસાદની સીઝનમાં લોકોનાં લેટમાં દિવાલ અને છતમાંથી પાણી આવી રહેલ છે. લોકોને ના છુટકે પોતાના ફ્લેટ છોડીને ભાડે રહેવા જવું પડે એવી પરિસ્થીતી ઉભી થઈ છે, નબળી ગુણવતાનાં બાંધકામથી વરસાદ પછી મોટા ભાગનાં લેટ ધારકોને દિવાલમાં સતત ભેજ રહે છે. દિવાલમાંથી પ્લાસ્ટર ઉખડી જાય છે. પેસેજમાં અનેક જગ્યાએ લીફ્ટની આસપાસ આવેલ લાદીઓ ખરી પડે છે. અમુક ફફ્લેટ ધારકોનાં વોશ એરીયાની દિવાલ પણ બહારની સાઈડ ઝુકી ગયેલ છે. જો કોઈ અકસ્માત થાય તો તેની જવાબદારી કોની રહેશે. દરેક માળનાં પેસેજમાં આવતું વરસાદી પાણીનાં નીકાલની પણ યોગ્ય પાઈપલાઈન દ્વારા વ્યવસ્થા કરવામાં આવેલ નથી. પાર્કિંગમાં નબળી કક્ષાનું બાંધકામ કરી આપેલ છે. ટુંકમાં એમ કહી શકાય છે બિલ્ડરના ભોગે આજે લાઈટ હાઉસ પ્રોજેકટનાં રહેવાશીઓની જીંદગી બદ થી બદતર બની રહેલી છે. વારંવાર ફરીયાદ કરવા છતાં પણ ઉપરોકત બાબતે કોઈ યોગ્ય કામગીરી કરવામાં આવેલ નથી. નબળી કક્ષાનાં બાથ ફીટીંગ્સ પણ તમામ ફ્લેટમાં સામેલ છે. વારંવાર લીંકજ તેમજ ખરાબ થવાની ફરીયાદ કાયમી ધોરણે આ લાઈટ હાઉસ પ્રોજેકટમાં રહેલ છે. ઉંચા નીચી લાદીઓ, ફલેટની દિવાલમાં ભુવા પડવા, પ્લાસ્ટર ખરી પડવું આ બધુ જે તે કોન્ટ્રાકર દ્વારા નબળી કક્ષાનું બાંધકામ કરેલ છે તે છાંપરે ચડીને પોકારી રહેલું છે. બીજો મુખ્ય મુદ્દો એ પણ છે કે દરેક ફ્લેટમાં હોલ અને બેડરૂમમાં ઈલેકટ્રીક બોર્ડમાં જેટલી સ્વીચ આપેલ છે તેટલા હોલ્ડર પણ આપેલ નથી જેને ખુલ્લો ભ્રષ્ટાચાર કહી શકાય, જો સ્વીચ છે તો તેનું હોલ્ડર કેમ આપેલ નથી. આ કોઈ નાની સુની વાત નથી



(તસ્વીરઃ આનંદ જાવિયા)

અમારા ૧૧૪૪ ફ્લેટનાં કેટલા હોલ્ડર સાથે આવી જ રીતે ભ્રષ્ટાચાર કરવામાં આવેલ છે. સાથે સાથે જ્યારે લાઈટ હાઉસ પ્રોજેકટનાં અરજી પત્રકમાં છેલ્લા પેઈઝ ઉપર સ્પષ્ટ અને વંચાઈ શકે તેવા અક્ષરોમાં લખેલ હતું કે દરેક ફ્લેટની સાથે સાથે સેફટી ડોર પણ આપવામાં આવશે... જે તે સમયે સેમ્પલ ફ્લેટ હતો તેમાં આ સેફટી ડોર લગાડેલ હતો. પરંતુ ત્યારબાદ એક પણ ફ્લેટમાં સેફટી ડોર આપવામાં આવેલ નથી જેમાં પણ એક ભ્રષ્ટાચાર કરેલ છે. અને અમોને અમારા મળતી સુવિધાઓથી કોન્ટ્રાકટરો દ્વારા આપવામાં આવેલ નથી.

# રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા ડો. મનમોહન સિંહની પ્રાર્થના સભા યોજાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગઈકાલે રાજકોટમાં રાષ્ટ્રીય શાળા ખાતે સાંજે પાંચ થી છ કલાકે રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા રાષ્ટ્રીય શાળાના પ્રાર્થના હોલમાં શહેરના તમામ વેપારી મંડળો ઉદ્યોગપતિઓ, શ્રેષ્ઠિઓ,

શહેરની સામાજિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ એડવોકેટ મિત્રો પત્રકાર મિત્રો, તબીબી મિત્રો, તમામ રાજકીય પક્ષના પ્રતિનિધિઓ કાર્યકર મિત્રો, ચૂંટાયેલા શહેર/જિલ્લાના પ્રતિનિધિઓ અને નગરજનોએ પૂર્વ પ્રધાનમંત્રી ડોક્ટર મનમોહનસિંઘની પ્રાર્થના સભામાં જોડાયા હતા.





(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટ શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીની યાદી મુજબ પૂર્વ વડાપ્રધાન ડોક્ટર મનમોહનસિંઘે જીવનની શરૂઆત અર્થશાસ્ત્ર તરીકે કરી હતી. નાણામંત્રી તરીકે રિઝર્વ બેન્કના ગવર્નર નો હોદ્દો સંભાળી રહેલા ડોક્ટર મનમોહન સિંઘે આર્થિક કટોકટી સામે જજુમી રહેલા દેશને નવી આર્થિક નીતિની ભેટ આપી હતી. પી.એમ પદ સંભાળતા આર્થિક નિતી અને દેશની અર્થવ્યવસ્થાને નવી ઉડાન આપી હતી. દરેક રાજકીય પક્ષો અને ભારતના નાગરિકો માટે સન્માનિય નેતા રહી ચૂકેલા ડોક્ટર મનમોહન સિંઘ ની વિદાય ભારતે એક રત્ન ગુમાવ્યો છે. મહાનગરપાલિકા વિપક્ષી નેતા વશરામભાઈ સાગઠીયા, પૂર્વ મંત્રી જયંતીભાઈ કાલરીયા, ડોક્ટર હેમાંગભાઈ વસાવડા, ગાયત્રીબા અશોકસિંહ વાઘેલા, ધરમભાઈ કાંબલીયા, જીતુભાઈ ભટ્ટ, મહેશભાઈ રાજપુત, રાજુભાઈ ચાવડીયા, ડી. પી. મકવાણા, ગોપાલભાઈ અનડકટ ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ મુકેશભાઈ દોશી રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાનાબેન પેઢડીયા, ધારાસભ્ય દર્શિતાબેન શાહ, કોર્પોરેટર મનીષ રાડીયા, પૂર્વ કેન્દ્રીય મંત્રી ડોક્ટર વલ્લભભાઈ કથીરિયા, આપ પક્ષના શહેર પ્રમુખ દિનેશભાઈ જોશી, પ્રદેશ આગેવાન શિવલાલભાઈ બારસીયા, સંજયસિંહ વાઘેલા સહિતના રાજકીય પક્ષના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ વી.પી વૈષ્ણવ, પૂર્વ કોર્પોરેટરો, શહેરની જાણીતી સામાજિક સંસ્થા બોલબાલા ચેરીટેબલ ટ્રસ્ટ જયેશભાઈ ઉપાધ્યાય, રાજકોટ જિલ્લા ગ્રાહક સુરક્ષા મંડળના રામજીભાઈ માવાણી રમાબેન માવાણી સહિતના આગેવાનો એ ડોક્ટર મનમોહનસિંઘને પુષ્પાંજલિ અર્પણ કરી ભાવભીની શ્રદ્ધાંજલિ પાઠવી હતી. રાજકોટ શહેર કોંગ્રેસના પ્રદેશના હોદ્દેદારો કોર્પોરેટરો, પૂર્વ કોર્પોરેટરો, તમામ પક્ષના કાર્યકરો જેમાં ગોવિંદભાઈ સભાયા, દિલીપભાઈ આસવાણી, પ્રવીણભાઈ રાઠોડ, સહિતના રાજકીય સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ પોલીસના સસ્પેન્ડેન્ડ ASI રાજુ શીલુના બે ભાઈઓ સામે છેતરપિંડીનો ગુનો

## સુરેશ શીલુ અને મહેશ શીલુએ ચોટીલાના વેપારીને સીરામીક કંપનીમાં ભાગીદાર બનાવવાના નામે ૮૦ લાખ પડાવી લીધા બાદ હાથ ઉંચા કરી દીધા

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ પોલીસ હેડ ક્વાર્ટરમાં ફરજ બજાવતાં અને મહિલા કોન્સ્ટેબલ સાથે લાંચને લગત વાતચીતનું ઓડિયો રેકોર્ડિંગ વાયરલ થયા બાદ કાર્યવાહીના ભાગરૂપે સસ્પેન્ડ કરાયેલા એએસઆઈ રાજેશ શીલુના બે ભાઈઓ સામે ચોટીલા પોલીસ મથકમાં છેતરપિંડીનો ગુનો નોંધાતાં ચકચાર મચી જવા પામી છે.જીતેન્દ્રભાઈ લાલદાસભાઈ કરથીયા (ઉ.વ.૬૯, રહે.ચોટીલા)એ ચોટીલા પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું કે તેઓ મહેશ લાભશંકરભાઈ શીલુ અને સુરેશ લાભશંકરભાઈ શીલુ સાથે ઘણા લાંબા સમયથી પરિચયમાં હતા.

આ નાતે બન્નેએ જીતેન્દ્રભાઈને કહ્યુંહતું કે તેઓ હુવા માં આવેલી મીરેકલ સીરામીકમાં ભાગીદાર છે અને જો તેમણે આ કંપનીમાં ભાગીદાર થવું હોય તો ૮૦ લાખ રૂપિયા આપવા પડશે. આ રોકાણના બદલામાં બન્ને ભાઈની ભાગીદારીમાંથી ૨-૨% આપવાનું મૌખિક નક્કી થયું હતું. ત્યારબાદ જીતેન્દ્રભાઈ નફા-નુકસાનીમાં ભાગીદાર થવા માટે સહમત થયા અને ૧૩-૧-૨૦૧૫ના સુરેશ અને મહેશને ૮૦ લાખ રૂપિયા આપ્યા હતા. આ અંગેનું ૧૦૦ રૂપિયાના સ્ટેમ્પ પેપર ઉપર લખાણ પણ કરાયું હતું. આ પછી ૨૦૧૬-૧૭માં સુરેશ શીલુએ જીતેન્દ્રભાઈને જણાવ્યું કે મીરેકલ સીરામીકને રૂપિયાની જરૂર છે જેથી નફા-નુકસાનીના પૈસા બાદમાં આપી દેશે પરંતુ ૨૦૧૯ સુધી એક રૂપિયો પણ ન આપતાં ૨૬-૩-૨૦૧૯ના જીતેન્દ્રભાઈનો પુત્ર ભાવિન, ભાઈ ભૂપેન્દ્રભાઈ, પંકજભાઈ સુરેશ અને મહેશની ઓફિસે જતાં ત્યાં ઝઘડો થયો હતો. આ અંગે મહેશ શીલુએ ચોટીલા પોલીસ મથકમાં ફરિયાદ આપી હતી.

જો કે બન્ને ભાઈઓએ ૨%ની ભાગીદારીના પૈસા કે રોકડ ૮૦ લાખમાંથી કોઈ રકમ પરત કરી ન્હોતી. ફરિયાદીએ તપાસ કરતાં જાણવા મળ્યું હતું કે મીરેકલ સીરામીક ૨૦૧૯માં જ બંધ થઈ ગઈ હતી. સુરેશ અને મહેશ આ કંપનીમાં ૩-૩%ની ભાગીદારીથી ૧૪-૬-૨૦૧૪માં જ નીકળી ગયા હતા આમ છતાં ફરિયાદી પાસેથી ૮૦ લાખ લઈ છેતરપિંડી આચરતા પોલીસે ગુનો નોંધી બન્નેની શોધખોળ હાથ ધરી છે.

# નલિયા - ભુજ - ડિસા - રાજકોટમાં તિવ્ર ઠંડી યથાવત : અન્ય સ્થળોએ રાહત

**મુખ્ય સમાચાર,રાજકોટ**

નલિયા, ભુજ, ડિસા અને રાજકોટને બાદ કરતા આજરોજ પણ રાજયમાં ઠંડીમાં રાહત રહેવા પામી હતી. આજે સવારે નલિયા ખાતે ૬, ભુજમાં ૧૦.૨ અને ડિસામાં ૧૦.૬ તથા રાજકોટ શહેરમાં ૧૧.૪ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે તિવ્ર ઠંડી અનુભવાઈ હતી. જયારે આજે સવારે અમદાવાદ ખાતે ૧૪.૫, અમરેલીમાં ૧૪, વડોદરામાં ૧૫.૮, દાહોદમાં ૧૬, દમણમાં ૨૦.૨, ડાંગમાં ૧૮.૮, દિવમાં ૧૫.૪, દ્વારકામાં ૧૬.૩, ગાંધીનગરમાં ૧૧.૫, કંડલમાં ૧૩, પોરબંદરમાં ૧૩.૨ તથા વેરાવળમાં ૧૮ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાવા પામ્યુ હતું. જયારે જામનગરમાં લઘુત્તમ તાપમાનમાં આંશિક ઘટાડો જેના કારણે ઠડીમાં વધારો થયો છે. અને ઠાર યથાવત રહ્યો છે. કોલ્ડવેવના કારણે વાતાવરણ ઠંડુગાર રહ્યું છે.ભેજની ટકાવારીમાં ૨ ટકા વધીને ૬૪ ટકા રહ્યું હતું. દિવસભર ટાઢોડું રહેતા લોકોને ગરમ વસ્ત્રોમાં ઢબુરાવાની ફરજ પડી હતી. ઠંડીના કારણે માર્ગો પર લોકોની ચહલપહલમાં ઘટાડો જોવા મળ્યો છે.

ઉત્તરભારતની હિમવર્ષાના પગલે ત્યાંથી આવતા ઠંડા પવનોના કારણે જામનગરમાં પણ ઠંડીમાં વધારો થયો છે. જેના કારણે લઘુત્તમ ૧૪ ડિગ્રી અને મહતપ તાપમાનમાં ૨૪.૬ ડિગ્રી નોંધાયું હતું.જયારે શહેરના વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૪ ટકા અને પવનની ગતિ પ્રતિકલાક ૬.૫ કિમિ રહી હતી.રાત્રીના સમયે રસ્તાઓ સુમસામ બની રહયા છે. સવારે ૧૦ વાગ્યા સુધી પણ લોકોની ચહલપહલ ઓછી જોવા મળી હતી.

તેમજ ભાવનગર શહેરમાં આજે લઘુતમ તાપમાન ૧૫.૪ ડિગ્રી નોંધાયું હતું. જ્યારે મહત્તમ તાપમાન ૨૭.૭ ડિગ્રી રહેવા પામ્યું હતું.

જ્યારે વાતાવરણમાં ભેજનું પ્રમાણ પ્રમાણ ૬૫% રહ્યું હતુ અને પવનની ઝડપ ૧૦ કિ.મી .પ્રતિ કલાકની રહી હતી.

# વિરાણી હાઈસ્કૂલમાં 31 ડિસેમ્બરની અનોખી ઉજવણી







(તસ્વીરઃ આનંદ જાવિયા)

**મુખ્ય સમાચાર,રાજકોટ**

વિરાણી હાઈસ્કૂલનાં વિદ્યાથીઓએ એક અલગ અંદાજમાં ૩૧ ડિસેમ્બરની માનવીય અભિગમ સાથે ઉજવણી કરી હતી. જેમાં નસેવાની હૂંફ અંતર્ગત સ્કૂલના ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓએ પોતાના ઘરેથી તેમજ આસપાસના વિસ્તારમાંથી સારા, પહેરવાલાયક વસ્ત્રો એકઠા કર્યા હતા અને કુલ ૨૦૨૩૮ વસ્ત્રો શાળામાં અર્પણ કર્યા હતા. જેમાં સ્વેટર, જેકેટ, ટોપી, મફલર, સાલ, ધાબળા જેવા ગરમ વસ્ત્રો તથા અન્ય વસ્ત્રો જેવા કે પેન્ટ, શર્ટ, સાડી, ડ્રેસનો સમાવેશ થાય છે. આ વસ્ત્રો સ્વામિનારાયણ ગુરુકુળ, ગોંડલ રોંડ - રાજકોટના સહયોગથી રાજકોટ શહેરની ઝૂપડપટ્ટી જેવી કે લક્ષ્મીનગર, રૈયાધાર, લોહાનગર, આજીડેમ, જંકશન, માધાપર, માર્કેટીગ યાર્ડ, ૮૦ ફૂટ રોડ, મોરબી રોડ વગેરેમાં જરૂરિયાત મંદ લોકોને અર્પણ કરવામાં આવશે. આજે યુવાધન પશ્ચિમી સંસ્કૃતિનું આંધળું અનુકરણ કરી ડાન્સ, ડાઈન અને વાઈન પાછળ મબલખ ખર્ચ કરે છે ત્યારે વિરાણી હાઈસ્કૂલના વિદ્યાર્થીઓનું સામાજિક સેવાનું આ કાર્ય તેમના માટે પ્રેરણારૂપ છે. આજે માનવી જયારે સ્વાર્થી, સ્વચ્છનંદી, સ્વકેન્દ્રી બની રહ્યો છે ત્યારે ૧૩ થી ૧૭ વર્ષના આ વિદ્યાર્થીઓએ સમાજ માટે પોતાનું યોગદાન પુરૂ પાડી પાર્ટીમાં બેફામ ખર્ચ કરતા નબીરાઓ તથા અન્ય માટે અનુકરણીય ઉદાહરણ પૂરૂ પાડ્યું છે. કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજકોટ સ્વામિનારાયણ ગુરુકુળનાં સંતો જ્ઞાનજીવનદાસજી તથા હરીવત્સલ સ્વામી,શિક્ષણ સમિતિના ચેરમેન વિક્રમભાઈ પુજારા, સંચાલક પરેશભાઈ ઠાકર, ચિરાગભાઈ ધામેચા જાણીતા શિક્ષણવિદ સુનીલભાઈ સોલંકી આચાર્ય હરેન્દ્રસિંહ ડોડીયા તેમજ શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓએ બહોળી સંખ્યામાં સહકાર આપી ૩૧ ડીસેમ્બરની ઉજવણી કરી હતી. આ ઉપરાંત કોમર્સના વિદ્યાર્થીઓએ પોતાના પોકેટ મનીમાંથી અંધજન કલ્યાણ મંડળ સંચાલિત રસોડામાં ૮૦ પ્રજ્ઞાચક્ષુઓને એક દિવસનું ભોજન આપ્યું હતું. આ તકે જ્ઞાનજીવનદાસજી તથા હરીવત્સલ સ્વામી તથા વિક્રમભાઈ પુજારા એ તેમના ઉદબોધન દરમિયાન, શાળાના આચાર્ય, શિક્ષકો તથા વિદ્યાર્થીઓની સેવાને બિરદાવીને આ સેવાયજ્ઞની મશાલ હંમેશા પ્રજવલ્લિત રાખવા માટે આહવાન કર્યું હતું અને બધાને પ્રોત્સાહન પુરું પાડ્યું હતું.

# શહેરના રાજમાર્ગો પર થર્ટી ફર્સ્ટ પૂર્વે પોલીસે વાહન ચેકિંગ તેજ બનાવ્યું







(તસ્વીરઃ આનંદ જાવિયા)

દેશભરમાં થર્ટી ફર્સ્ટ ની ધામધૂમતી ઉજવણી થઈ રહી હોય ત્યારે ગુજરાતમાં દારૂબંધી ની કડક અમલવારી કરવા અંગે ઉચ્ચ અધિકારીઓ દ્વારા આપવામાં આવેલી સૂચનાના પગલે રાજકોટ શહેરના તમામ માર્ગો પર પોલીસ દ્વારા વાહન ચેકિંગ તે જ કરવામાં આવ્યું છે થર્ટી ફર્સ્ટમાં બુટલેગરો સક્રિય બન્યા હોય જેથી દારૂની હેરાફેરી અટકાવવા માટે પોલીસે વાહનોનું ચેકિંગ સઘન બનાવ્યું છે સાથે સાથે થર્ટી ફર્સ્ટમાં નશો કરેલી હાલતમાં નીકળતા નબીરાઓ ને પકડવા માટે પણ પોલીસે મશીન સાથે રાખી સ્થળ પર જ મોઢામાં મશીન રાખી ચેક કરી જો નશો કરેલી હાલતમાં હોય તો તેની સામે તરત કાર્યવાહી કરવા માટે પોલીસે સતત વાહન ચેકિંગ સઘન બનાવ્યું છે

# રમતગમત મંત્રાલયના અગ્ર સચિવ આજે ખેલ મહાકુંભની સમીક્ષા કરશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ ખાતે તા.૪ને શનિવારના રોજ રેસકોર્સના એથ્લેટિક ગ્રાઉન્ડમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ખેલ મહાકુંભ ૩.૦નો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના સચિવ આઈ.આર. વાળા મંગળવારે રમતગમત વિભાગની કચેરી દ્વારા કરાયેલી તૈયારીની સમીક્ષા માટે રાજકોટ આવી રહ્યા છે. તેઓ સવારે ગ્રાઉન્ડની મુલાકાત લેશે અને સાંજે અલગ-અલગ સ્પોર્ટસ એસોસિ એશનના હોદ્દેદારો સાથે બેઠક યોજશે. રાજકોટ જિલ્લા રમતગમત અધિકારી રમા મદ્રાએ માહિતી આપતા જણાવ્યું હતું કે, રાજ્યકક્ષાના ખેલ મહાકુંભનો આરંભ રાજકોટથી થઈ રહ્યો છે અને તેમાં અંદાજે ૬૦૦૦થી વધુ ખેલાડી ઉપસ્થિત રહેનાર હોય ઓપનિંગ સેરેમનીની તડામાર તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. મુખ્યમંત્રીના હસ્તે કાર્યક્રમનું ઉદ્દઘાટન થઈ રહ્યું હોય સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના સચિવ તૈયારીની સમીક્ષા કરવા રાજકોટ આવી રહ્યા છે. સોમવારે સાંજે જિલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા પણ રમતગમત કચેરીના અધિકારીઓ સાથે બેઠકયોજવામાં આવી હતી અને તૈયારીઓની સમીક્ષા કરાઈ હતી. જથીએ ઓપનિંગ સેરેમનીમાં ૬૦૦૦ ખેલાડી હાજર રહેશે આ વર્ષે પણ રાજયકક્ષાની ઈવેન્ટ મળે તેવી સંભાવના ગત વર્ષે રાજકોટ જિલ્લાને બેડમિન્ટન અને સાઈકિંલગની રાજ્યકક્ષાની ઈવેન્ટ યોજવા સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતે જવાબદારી સોંપી હતી. આ વર્ષે પણ અમુક રાજ્યકક્ષાની સ્પર્ધા રાજકોટને સોંપાઇ તેવી શક્યતા છે. ગત વર્ષે હોકીની ઝોનલ કક્ષાની ટૂર્નામેન્ટ પણ રાજકોટમાં યોજાઇ હતી.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

